ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની
ક્ષેત્રીય કચેરી દ્વારા શારવામાં આવતા બોરના માપો
માપપોથીમાં નોંધતી વખતે તકેદારી રાખવા બાબત

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલ ભવન એરફોર્સ સામે , સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
પરિપત્ર નં. ત.એ./યાંત્રિક/૧૪૩૮/૨૦૧૯
તા. ૩૧-૧૨-૨૦૧૯

આમુખ:-

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સમગ્ર ગુજરાતમાં કાર્યરત જુદી જુદી યાંત્રીક પેટા વિભાગીય કચેરીઓ દ્વારા પીવાના પાણીની ઉપલબ્ધિ માટે જુદી જુદી સાઇઝના જુદી જુદી ઉંડાંઇના બોર શારકામની કામગીરી કરવામાં આવે છે

બોર્ડ સમક્ષ આવતી રજૂઆતો અન્વયે એવું જાણવામાં આવેલ છે કે ક્ષેત્રીય કચેરી દ્વારા કેટલીક વાર શારવામાં આવતા બોરના માપો માપપોથીમાં નોંધતી વખતે બોરનો વ્યાસ, બોરની ઉંડાંઇ જેવા માપોની સાથે બોરનું ચોક્કસ સ્થળ જેવી અગત્યની બાબત દર્શાવવાની તકેદારી રાખવામાં આવતી નથી, જેને કારણે અલગ અલગ જગ્યાએ શારવામાં આવેલા બોરના ચોક્કસ સ્થળની સ્પષ્ટતાને અભાવે એક જ બોરના ડુપ્લીકેટ પેમેન્ટ થવા બાબતે ગેરસમજ ઉભી થાય છે. જે નિવારવા સદર બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્ર:-

(૧) શારવામાં આવતા બોરના માપો માપપોથીમાં નોંધતી વખતે બોરના ચોક્કસ સ્થળમાં ગામનું નામ / ફળીયાનું નામ / જેના ઘર કે મકાન પાસે શારવામાં આવેલ હોય તેવા ઘર / મકાન માલિકનું નામ જેવી અગત્યની બાબત લખવામાં સાવચેતી રાખી, સ્થળ / વ્યક્તિઓના નામ સ્પષ્ટ લખવા.

(૨) કોઇ પણ ગામમાં એક થી વધારે બોરના શારકામના માપ માપપોથીમાં નોંધતી વખતે બોરના ક્રમ નંબર આપી શક્ય હોય ત્યાં અક્ષાંશ અને રેખાંશ અવશ્ય નોંધવા.

(૩) દરેક પેટા વિભાગ દ્વારા કરવામાં આવતા બોરની વિગત વર્ષ / તાલુકા / ગામ / બોરની સાઇઝ વાઇઝ રજીસ્ટરની જાળવણી કરવી તથા આ અંગેના સોફ્ટવેરમાં નિયમિત રીતે ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

સભ્ય સચિવ

<u>નકલ સાદર રવાના પ્રતિ:-</u>

માન.અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ:-</u>

(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, ગાંધીનગર

(૨) વહીવટી સંચાલકશ્રી GWIL ગાંધીનગર

Material Cell (C)
E.E. 31/1/20
S.E.
C.E.
No.
Date

(પાછળ)

નકલ રવાના પ્રતિ:-

(૧) મુખ્ય વહીવટી અધિકારીશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર

(૨) નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર

(3) મુખ્ય ઇજનેરશ્રી, ટેકનીકલ સેલ/મોનીટરીંગ સેલ/અર્બન સેલ/મટીરીયલ સેલ/વાસ્મો/યાંત્રિક/ઝોન-૧/૨/૩/૪/૫ વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ અને ઝોન કચેરી, સુરત તરફ જાણ તથા ચુસ્તપણે અમલ કરવા સારૂ.

(૪) નિયામકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા ગાંધીનગર

(૫) અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)

(૬) કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે)

(૭) માસ્ટર ફાઇલ/પરિપત્ર ફાઇલ